ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

**પ્રેસનોટ:-2747/01/2025** **તા.05.01.2025**

## ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં આજરોજ જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે વિવિધ સહકારી સંસ્થાઓના સંયુકત ઉપક્રમે જળ સંચય-જન ભાગીદારી-જન આંદોલન – કેચ ધ રેઇન કાર્યક્રમ યોજાયો.

----

## કેચ ધ રેઇન યોજના હેઠળ 3 લાખ જેટલા બોર આખા દેશમા અલગ-અલગ રાજયોએ છેલ્લા ત્રણ થી ચાર મહિનામા બનાવ્યા છે. – શ્રી સી.આર.પાટીલ

----

## ડેમ કે નદીનું પાણી આપણા ખેતર સુધી ન આવી શકે પરંતુ જો બોર કરીએ તો પાણી સરળતાથી મળી શકશે. – શ્રી સી.આર.પાટીલ

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી સી.આર.પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે વિવિધ સહકારી સંસ્થાના સંયુકત ઉપક્રમે જળ સંચય-જન ભાગીદારી-જન આંદોલન – કેચ ધ રેઇન કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રીય જળશક્તિમંત્રીશ્રી સી.આર.પાટીલજીએ સંબોધન કરતા જણાવ્યું કે, પાણી માટે ભેગા થવુ પડે તેવી સ્થિતિ સર્જાય એટલે ચોક્કસ માનવુ કે ભયની સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છીએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સરદાર સરોવર ડેમનુ જે કામ તેમના માર્ગદર્શનમા પુર્ણ થયુ તેના કારણે સૌરાષ્ટ્રની ધરતી પર પાણીની અછત ની મુશ્કેલી થોડી દુર કરી. વડાપ્રધાને કેચ ધ રેઇન યોજના જાહેર કરી આ યોજનામાં વરસાદી પાણીને જમીનમા ઉતારવાની પ્રક્રિયાની યોજના છે. પાણીના ડેમ કરતા પણ વરસાદી પાણી જો જમીનમા ઉતરે તો આપણને ખૂબ લાંબા ગાળે પણ પાણી મળી રહે છે. ડેમ બનાવવા કરોડો રૂપિયા ખર્ચ કરવા પડે અને સાથે સમય પણ વધુ થાય પરંતુ બોર

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

કરીને વરસાદી પાણીને જમીનમા ઉતારવામાં આવે તો ખૂબ ફાયદો આર્થિક રીતે અને સમયની રીતે આપણને થાય છે. કેચ ધ રેઇન યોજના હેઠળ કેવી રીતે વરસાદી પાણીને આપણે જમીનમા ઉતારી શકીએ તેના માટે બોરની ડિઝાઇન અને થતા ખર્ચા અંગે તેમજ બોર થી થતા ફાયદા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું.

શ્રી સી.આર.પાટીલજીએ વધુમાં જણાવ્યું કે,. ગુજરાતમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ બોરના રિચાર્જ માટે ખર્ચના 90 ટકા સુધીનો ખર્ચે આપશે તેવી યોજના જાહેર કરી છે જેથી જે પણ બોરમા પાણી ન હોય તેમને બોરના રિચાર્જ માટે અરજી કરવી જોઇએ. આ યોજનાનો રાજયમા જુદા જુદા ખેડૂતોએ લાભ લીધો છે તેમની પણ વિસ્તૃત માહિતી આપી હતી.ડેમ કે નદીનું પાણી આપણા ખેતર સુધી ન આવી શકે પરંતુ જો બોર કરીએ તો પાણી સરળતાથી મળી શકશે. 3 લાખ જેટલા બોર આખા દેશમા અલગ-અલગ રાજયોએ છેલ્લા ત્રણ થી ચાર મહિનામા કર્યા છે. મને આનંદ છે કે આજે જુનાગઢમા 1200 જેટલા બોર બનાવવા અંહીના આગેવાનોએ સંકલ્પ કર્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમા આ યોજનામા સફળ થઇશું તો આવનાર પેઢીને ક્યારેય પાણીની તકલીફ નહી પડે તેવો મને વિશ્વાસ છે.

આ કાર્યક્રમમા જીલ્લા પ્રમુખ શ્રી કિરીટભાઇ પટેલ, ધારાસભ્ય શ્રી દેવાભાઇ માલમ, શ્રી ભગવાનજીભાઈ કરગઠીયા, જૂનાગઢ શહેર પ્રમુખ શ્રી પુનીતભાઇ શર્મા તેમજ પદાધિકારીશ્રીઓ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા

.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)